# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-10-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર હેમાંગિની સોનારા વાંચે છે.

******************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે સરકાર ગ્રામીણ અર્થતંત્રને નવીગતિ આપવા પશુપાલન સંબંધિત પ્રણાલીઓ વિકસાવી રહી છે.

2) નશાકારક પદાર્થોની હેરાફેરી કરનારા મુખ્ય આરોપી નવપ્રીત સિંહને તુર્કીએથી દેશનિકાલ કરીને ભારત પ્રત્યાર્પણ કરાયો.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ને આજે 12 વર્ષ પૂર્ણ.

4) કેન્દ્રીય નાણામંત્રીએ કહ્યું કે સરકારે વસ્તુ અને સેવા કર, નાદારીઅને નાદારી કોડ અને ચાર શ્રમ કોડ દ્વારા રાષ્ટ્રીય માળખાને આગળ વધાર્યું.

5) એશિયન ગેમ્સમાં પુરુષ ક્રિકેટમાં ભારતે પાકિસ્તાનને બીજી વખત હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો -ભારતકુલ 85 ચંદ્રક સાથે મેડલ ટેલીમાં ચોથા સ્થાને.

************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# AMIT SHAH - BHOPAL

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે સરકાર ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ આપવા પશુપાલન સંબંધિત પ્રણાલીઓ વિકસાવી રહી છે. તેમાં ગાયના છાણમાંથી બાયોગેસ અને કાર્બનિક ખાતર બનાવવાથી લઈને દૂધના ઉત્પાદનોનું પ્રક્રિયા કરવા અને બજાર સુલભતા પૂરી પાડવા સુધીના પ્રયાસો સામેલ છે. શ્રી શાહે આજે મધ્યપ્રદેશના ભોપાલમાં રાજ્ય સ્તરની ગૌપાલક પરિષદને સંબોધિત કરતાં આ વાત કહી. સાંભળીએ એક અહવાલ.....

## (VC-ABHINAV GOEL)

*("केंद्रीय गृह एवं सहकारिता मंत्री अमित शाह ने आज भोपाल के भेल दशहरा मैदान में राज्य स्तरीय गोपालक सम्मेलन को संबोधित किया। उन्होंने 11 जिलों के करीब 35,000 गोपालकों के इस सम्मेलन में गोशालाओं के लिए ₹101 करोड़ दिए। श्री शाह ने उज्जैन में ₹255 करोड़ की लागत से बनने वाले डेयरी प्लांट का वर्चुअली भूमिपूजन भी किया। श्री शाह ने कहा कि भोपाल में ₹12 करोड़ की लागत से केंद्रीय प्रयोगशाला बनाई गई है और शिवपुरी में मिनी डेयरी प्लांट बनाया जाएगा। उन्होंने कहा कि इसमें गोवंश और भैंस की नस्ल सुधार का काम होगा। गोपालक सम्मेलन से पहले केंद्रीय मंत्री ने भेल दशहरा मैदान में ही नए अपराधी कानूनों पर मध्य प्रदेश पुलिस की प्रदर्शनी का उद्घाटन भी किया। कार्यक्रम में श्री शाह ने कहा कि अंग्रेजों के बनाए कानून अपनी सरकार और प्रशासन को बचाने के लिए थे, लेकिन अब नए कानून नागरिकों के सम्मान, संपत्ति और शरीर की रक्षा के लिए हैं। अभिनव गोयल, आकाशवाणी समाचार भोपाल।")*

# SHAH-NAVPREET SINGH

નશાકારક પદાર્થોની હેરાફેરી કરનારા મુખ્ય આરોપી નવપ્રીત સિંહને તુર્કીએથી દેશનિકાલ કરીને ભારત પ્રત્યાર્પણ કરાયો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે આ એક ઐતિહાસિક સિદ્ધિ છે. નવપ્રીત સિંહ તુર્કીઓની નાગરિકતા મેળવીને અફઘાનિસ્તાનથી ભારતમાં નશાકારક પદાર્થોની દાણચોરી કરતો હતો.

શ્રી શાહે જણાવ્યું કે એજન્સીઓએ તેની સાચી ઓળખ ઉજાગર કરવા અને તેને તુર્કીએથી દેશનિકાલ કરવા તમામ પ્રયાસ કર્યાં હતા અને તેને નશાકારક પદાર્થોની હેરાફેરી અને અન્ય ગુનાઓ સંબંધિત આરોપો હેઠળ ભારત પરત લવાયો છે.

આ સફળતા માટે તમામ એજન્સીઓને અભિનંદન આપતા ગૃહમંત્રીએ જણાવ્યું કે, સરકાર ડિસેમ્બર 2029 પહેલા દરેક કેફિપદાર્થની હેરાફેરી કરતાં સમૂહનો નાશ કરવા માટે પ્રતિબદ્ધ.

# MANN KI BAAT - 12 YEARS

આકાશવાણી પરથી પ્રસારિત થતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માસિક રેડિયો કાર્યક્રમ “મન કી બાત”ને આજે ત્રણ ઑક્ટોબરે 12 વર્ષ પૂર્ણ થયા. તાજેતરમાં “મન કી બાત” કાર્યક્રમના 138-મી કડી પ્રસારિત કરવામાં આવી હતી. “મન કી બાત” કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શન નેટવર્ક પર કરવામાં આવે છે. આ આકાશવાણી સમાચારની વૅબસાઈટ અને ન્યૂઝ ઑન A.I.R. મૉબાઈલ ઍપ પર પણ ઉપલબ્ધ છે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચૅનલ્સ પર પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવે છે.

(VOICECAST: PRAVESH ADIACHA)

*(..... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના “મન કી બાત” કાર્યક્રમનું પહેલું પ્રસારણ વર્ષ 2014માં આજના જ દિવસે વિજયાદશમીએ થયું હતું. ગત 12 વર્ષમાં આ કાર્યક્રમે દેશભરમાં થઈ રહેલા સકારાત્મક પરિવર્તનને સામે લાવવા અને નાગરિકોને ભારતની વિકાસયાત્રામાં સક્રિય ભાગીદારી માટે પ્રોત્સાહિત કરવાનું એક વિશેષ મંચ પૂરું પાડ્યું છે. માસિક કાર્યક્રમના માધ્યમથી પ્રધાનમંત્રી શિક્ષણ, સ્વાસ્થ્ય, પર્યાવરણ સંરક્ષણ, નવીનતા અને સામાજિક સેવા સહિત વિવિધ સત્રમાં પરિવર્તન લાવતા દેશભરના લોકોની પ્રેરણાદાયી વાર્તાઓ રજૂ કરે છે. પ્રધાનમંત્રીએ આ કાર્યક્રમના માધ્યમથી યુવાનો, ખેડૂતો, મહિલાઓ, કારીગરો, ઉદ્યમીઓ, ખેલાડીઓ અને સ્વસહાય જૂથો દ્વારા જમીન પર ઉતારવામાં આવેલી પહેલ અને સમાજના સામૂહિક પ્રયાસને રાષ્ટ્રીય ઓળખ આપી છે.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# FM-KAUTILYA CONCLAVE

કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું છેલ્લા દાયકામાં ભારતની આર્થિક તાકાત અને સ્થિતિસ્થાપકતા રાજકોષીય સમજદારી, માળખાગત રોકાણ, બેંકિંગ સુધારાઓ, સુધારેલ ડિલિવરી પદ્ધતિ અને સતત સુધારાઓના સંયોજન પર આધારિત છે. નવી દિલ્હીમાં 5મા કૌટિલ્ય આર્થિક સંમેલનને સંબોધતા નાણામંત્રીએ કહ્યું કે સરકારે વસ્તુ અને સેવા કર, નાદારી અને નાદારી કોડ અને ચાર શ્રમ કોડ દ્વારા રાષ્ટ્રીય માળખાને આગળ વધાર્યું છે. નાણામંત્રીએ કહ્યું આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળનો અંદાજ છે કે ભારતનું સામાન્ય સરકારી દેવું 2026માં GDP ના 83.4 ટકાથી ઘટીને 2031માં 77.7 ટકા થશે, જે વૈશ્વિક વલણોમાં વધારો કરશે.

માળખાગત વિકાસ અંગે, સુશ્રી સીતારમણે કહ્યું આ નાણાકીય વર્ષ માટે મૂડી ખર્ચનું બજેટ 12.22 લાખ કરોડ રૂપિયા રખાયું હતું. તેમણે એ પણ નોંધ્યું હતું કે પીએમ મુદ્રા યોજના હેઠળ 52 કરોડ રૂપિયાથી વધુ તારણ-મુક્ત લોન મંજૂર કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# SEVA SANLAKP AYUSHMAN BHARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેરસેવામાં 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. તેમની આ યાત્રા જનસેવાથી દેશસેવાના મંત્રની ભાવનાથી પ્રેરીત રહી છે. સેવા અને સુશાસનના વિચાર સાથે સરકાર વર્ષ 2047 સુધી વિકસિત ભારતના લક્ષ્યની દિશામાં કામ કરી રહી છે. સમાવેશી વિકાસ અને સામાજિક સશક્તિકરણના માધ્યમથી આ સમર્પણ લોકોના જીવનમાં પરિવર્તન લાવી રહ્યું છે. આ વિશેષ શ્રૃંખલામાં આજે અમે આપને જણાવીશું કે, આયુષ્માન ભારત, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના માધ્યમથી આ વિચારને કઈ રીતે અમલમાં મુકાયો છે.

## (CAPSULE: PRAVESH ADIACHA)

*(.... વર્ષ 2018માં શરૂ થયેલી આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના એટલે કે, AB-PMJAY હેઠળ પાત્ર પરિવારોને દર વર્ષે પાંચ લાખ રૂપિયાનું આરોગ્ય કવચ મળે છે. આ યોજના હેઠળ પાત્ર લાભાર્થી દેશના કોઈ પણ રાજ્યમાં યોજના હેઠળ સૂચિબદ્ધ હૉસ્પિટલમાં આ યોજનાનો લાભ લઈ શકે છે. 70 વર્ષ અને તેનાથી વધુ વયના તમામ વરિષ્ઠ નાગરિકોને પણ આ યોજનામાં સામેલ કરાયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ અંગે કહ્યું, આ યોજનાથી ગરીબ અને મધ્યમ વર્ગને લાભ થયો છે.*

*(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)*

*હવે આ યોજનાના એક લાભાર્થીની પ્રતિક્રિયા સાંભળીએ.*

*(BYTE: BENEFICIARY)*

*આયુષ્માન ભારત યોજનાનો મુખ્ય ઉદ્દેશ સમાજના આર્થિક રીતે નબળા અને વંચિત વર્ગોને ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ અને નાણાકીય સુરક્ષા પૂરી પાડવાનો છે.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# ASIAN GAMES

જાપાનમાં આયોજિત એશિયન ગેમ્સમાં ભારતે પાંચ સુવર્ણ, બે રજત અને બે કાંસ્ય ચંદ્રક જીત્યા. પુરુષ હોકીમાં, ભારતે મલેશિયાને 5-1થી હરાવીને પોતાનો સુવર્ણ ચંદ્રક જીત્યો, તેમજ ભારત વર્ષ 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક માટે સીધું ક્વોલિફાય થયું.

તો પુરુષ ટી-20 ક્રિકેટની ફાઈનલમાં ભારતે પાકિસ્તાનને 19 રનથી હરાવીને બીજી વખત સુવર્ણ ચંદ્રક જીત્યો. આજે, પ્રણવી ઉર્સ સુવર્ણ ચંદ્રક જીતીને ગોલ્ફમાં સુવર્ણ ચંદ્રક જીતનારાં પ્રથમ ભારતીય મહિલા બન્યાં.

કુમકુમ મોહોડે મહિલા રિકર્વ તીરંદાજીમાં દેશનો પહેલો સુવર્ણ ચંદ્રક જીત્યો. તે ઉપરાંત નીરજ ચૌહાણે ધીરજ બોમ્મદેવરાને હરાવીને પુરુષોની રિકર્વ ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

સાથે જ ભારતીય કુસ્તીબાજ અમન સેહરાવતે પુરુષોની 57 કિલો કુશ્તી શ્રેણીમાં ઉત્તર કોરિયાના ચોંગ સોંગ હાનને 11-7 થી હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો. દીપક પુનિયાએ આજે મંગોલિયાના ગાંખુયાગ ગાંબુતારને હરાવીને પુરુષોની 97 કિલો ફ્રીસ્ટાઇલ કુશ્તી ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો.

આ સાથે જ ભારત કુલ 85 ચંદ્રક સાથે મેડલ ટેલીમાં ચોથા સ્થાને પહોંચી ગયું છે, જેમાં 21 સુવર્ણ, 27 રજત અને 37 કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે.

# PREZ-PM-ASIAN GAMES

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એશિયન ગેમ્સમાં પોતાનું ટાઇટલ જાળવી રાખવા બદલ પુરુષ ક્રિકેટ ટીમને અભિનંદન આપ્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે પુરુષો અને મહિલા બંને ટીમોને ચેમ્પિયન તરીકે તાજ પહેરાવવામાં આવતા આ વિજય વધુ ખાસ બની જાય છે. તેમણે ઉમેર્યું કે, તેમની જીત શ્રેષ્ઠતા, નિશ્ચય અને ટીમવર્કની ભાવનાનો પુરાવો છે.

શ્રી મોદીએ કહ્યું કે આ ખરેખર રાષ્ટ્ર માટે આનંદનો પ્રસંગ છે. તેમણે ટીમના સભ્યોને તેમના ભવિષ્યના પ્રયાસો માટે શુભેચ્છાઓ પણ પાઠવી.

આ ઉપરાંત રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ એશિયન ગેમ્સમાં તમામ ચંદ્રક વિજેતાઓને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# ANDHRA – BOILER EXPLOSION

આંધ્રપ્રદેશના સત્યવેદુ મંડળના શ્રી સિટીમાં એક ખાનગી ઔદ્યોગિક એકમમાં આજે બોઈલર વિસ્ફોટમાં ચાર શ્રમિકના મોત અને એક ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયો હતો. આ વિસ્ફોટ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં આવેલા એક કારખાનામાં થયો હતો. બે શ્રમિકના ઘટનાસ્થળે જ મોત, જ્યારે ત્રણ અન્ય ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા તેમને નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયા. તેમાંથી બેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બાકીના શ્રમિકો ICU માં સારવાર હેઠળ છે.

મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો. તેમણે શોકગ્રસ્ત પરિવારોને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવા નિર્દેશ આપ્યો. જ્યારે રાજ્યપાલ એસ. અબ્દુલ નઝીરે મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને ઇજાગ્રસ્ત શ્રમિકોના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી હતી.